Letter No: SJED/0218/02/2023 Dt: 09-02-2023

સરકારી કન્યા છાત્રાલય(વિ.જા.), રાજુલા, જિ.અમરેલી માટે મકાન ભાડે રાખવા બાબત.

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:SJED/EAA/e-file/17/2023/0546/A-1

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:...../૦૨/૨૦૨૩

**વંચાણે લીધાઃ-**

(૧) વિભાગનો તા.૦૯/૧૧/૨૦૨૦નો ઠરાવ ક્ર:સશપ/૧૦૨૦૨૦/૩૯૫/અ-૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૭/૦૨/૨૦૨૩નો પત્ર ક્ર: વિજાક/સ.છા./મ.ભા./૨૨-૨૩/૯૨૩

**આમુખ:-**

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૦૯/૧૧/૨૦૨૦ના ઠરાવથી સરકારી કન્યા છાત્રાલય(વિ.જા.), રાજુલા, જિ.અમરેલી માટે સુશ્રી નજમાબાનુ નિઝારઅલી ડોસાણી રે.રાજુલાની માલિકીનું મકાન માસિક રૂા.૪૦,૦૦૦/- મુજબ ભાડે રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. હાલ નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરે વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના પત્રથી સરકારી કન્યા છાત્રાલય(વિ.જા.), રાજુલા, જિ.અમરેલી માટે હાલમાં કાર્યરત મકાન સામે શ્રી સાવલીયા મનસુખલાલ એમ., રહે.રાજુલાની માલિકીનુ છતડીયા રોડ, સરસ્વતી વિદ્યાલયની પાસે, રાજુલા ખાતે આવેલ મકાન ભાડે રાખવા મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.), રાજુલા, જિ.અમરેલી માટે માસિક ભાડુ રૂ.૨૬૮૩૧/- (રૂપિયા છવીસ હજાર આઠસો એકત્રીસ પૂરા) મુજબ શ્રી સાવલીયા મનસુખલાલ એમ., રહે.રાજુલાની માલિકીનુ છતડીયા રોડ, સરસ્વતી વિદ્યાલયની પાસે, રાજુલા ખાતે આવેલ મકાન ભાડે રાખવાની નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે.

(૨) આ મકાનમાં છાત્રાલયને અનુરૂપ જરૂરી સુધારા વધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(૩) મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે તથા યોગ્ય સેનીટેશન મકાન માલિકે જાળવવાનું રહેશે.

(૪) મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઇટ, પંખાની પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.

(૫) મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૭) ફાયર સેફ્ટી અંગેની વખતોવખતની સરકારી ગાઇડ્લાઇન્સનું પાલન કરવાનું રહેશે.

(૮) કાર્યપાલક ઇજનેરશ્રીનું મકાન ભાડા અંગેનું પ્રમાણપત્ર દર વર્ષે નવેસરથી મેળવીને રજૂ કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ.ની તા.૦૮/૦૨/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,**

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

નિયામકશ્રી,

વિકસતી જાતિ કલ્યાણ,

ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાના:-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Date: 2023.02.09
15:41:08 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૪) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમરેલી.

(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.), અમરેલી. [નિયામકશ્રી(વિ.જા.ક.) મારફતે]

(૭) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.

(૮) સિલેક્ટ ફાઇલ-૨૦૨૩.